પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.
પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦
કંટ્રોલ રૂમ ફેકસ નં. ૦૨૬૧ ૨૨૪૧૩૦૪
e-mail : special.cp.sur@gmail.com

# :: જાહેરનામું ::

## :: ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩(૧૯૭૪ ના નં ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ ::

**ક્રમાંક: એસ.બી/ જાહેરનામું /મકાન,દુકાન, ઓફિસ, ઔદ્યોગિક એકમો ભાડે આપવા/ ૧૫૫ /૨૦૨૧**

ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોના રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે. તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપતિને નુકશાન પહોંચાડવાની કોશીશ કરે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં મકાન, દુકાન, ઓફિસ, એકમો ભાડે રાખીને રહેતા હોય છે. તે જગ્યાઓ વિગેરેનો સર્વે કરી સ્થાનીક પરિસ્થીતી થી માહિતગાર થઇ ને તેઓ ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી ઔદ્યોગિક વિસ્તારમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનુ દેશની સુરક્ષા પરપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

વાસ્તે, હું અજયકુમાર તોમર(આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ -૧૯૭૩(૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં બંગલાઓ, મકાનો/દુકાનો/ઓફિસો/ઔદ્યોગિક એકમો ભાડે આપે ત્યારે તે બંગલાઓ/મકાનો/દુકાનો/ઓફિસો/ઔદ્યોગિક એકમોના માલિકો/સંચાલકોએ તેની માહિતીની નોંધણી સીટીઝન પોર્ટલ વેબસાઇટ (www.gujhome.gujarat.gov.in) અથવા સીટીઝન ફર્સ્ટ એન્ડ્રોઇડ એપ્લિકેશન મારફતે ફરજીયાત પણે ઓનલાઇન નોંધણી કરાવવાની રહેશે. તેમજ તે મિલ્કતની માહિતી , સમિતી રચાઇ હોય તો તેના પ્રમુખ/ ચેરમેન/ સેક્રેટરીએ પોતાની પાસે ફરજીયાત રાખવાની રહેશે અને જો મિલ્કત અંગે સમિતિ ન રચાઇ હોય તો જે તે મિલ્કતના માલિકોએ આ માહિતી પોતાની પાસે ફરજીયાત રાખવાની રહેશે.

(૨) સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં મકાનો/બંગલાઓ અન્ય રહેણાંક મકાનો/સ્થાયી મિલકતો હસ્તાંતરણ (વેચાંણ) કરે ત્યારે તે મિલ્કતની માહિતી સમિતી રચાઇ હોય તો તેના પ્રમુખ/ ચેરમેન/ સેક્રેટરી પાસે ફરજીયાત જમાં કરાવવાની રહેશે અને જો મિલ્કત અંગે સમિતિ ન રચાઇ હોય તો જે તે મિલ્કતના માલિકોએ આ માહિતી પોતાની પાસે ફરજીયાત રાખવાની રહેશે અને **જયારે પોલીસ દ્વારા માંગણી કરવામાં આવે ત્યારે ઉપરોક્ત માહિતી પુરી પાડવાની રહેશે.**

| અ.નુ. | વિગત | |
|---|---|---|
| ૧. | મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔદ્યોગિક એકમના માલિકનું નામ તથા સરનામું ટેલીફોન નંબર તથા ભાડે આપેલ મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔદ્યોગિક એકમની વિગત, કયા વિસ્તારમાં કેટલા ચો.મી બાંધકામ | |
| ૨ | મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔદ્યોગિક એકમ ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનુ નામ સરનામુ ટેલી.નંબર | |
| 3 | મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔદ્યોગિક એકમ જે તારીખથી ભાડે આપેલ હોયતે તારીખ. | |
| ૪ | જે વ્યક્તિ ને ભાડે આપેલ છે. તેનુ પુરૂ નામ હાલનુ સરનામુ ફોટા સાથે. | |
| ૫ | જે વ્યક્તિ ને ભાડે આપેલ છે. તેમના મુળ વતનનુ પાકા નામ સરનામા તથા બે થી ત્રણ સગા સબંધી ઓના નામ, સરનામા | |
| ૬ | મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔદ્યોગિક એકમના સંચાલકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનુ નામ સરનામુ ટેલી.નં | |

| | | |
|---|---|---|
| ૭ | મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔદ્યોગિક એકમ જે ભાડે આપેલ છે. તે લીવ લાયસન્સ ના કરારથી આપેલ છે કે કેમ ? | |

:: **નિયમો** ::

૧. સીટીઝન પોર્ટલ વેબસાઇટ (www.gujhome.gujarat.gov.in) અથવા સીટીઝન ફર્સ્ટ એન્ડ્રોઇડ એપ્લિકેશન આ વેબસાઇટમાં ઉપરોક્ત વિગતોને સમાવેશ કરવાની રહેશે.

૨. તમારી મિલ્કતનો કબજો સુપ્રત કરતા હોય, તો જાત તપાસ કરવી આવશ્યક છે.

૩. સીંગલ યુવક યુવતીઓને મિલ્કત ભાડે આપો ત્યારે વાલીના સંમતિપત્ર મેળવવાનુ રહેશે. તે આ સાથે સામેલ કરવુ.

૪. ભાડે રાખનારે તેમનુ ડ્રાઇવિંગ લાઈસન્સ/ પાનકાર્ડ/ ઇલેક્શન કાર્ડ/આધારકાર્ડ કંપનીનો લેટરપેડ રજુ કરવાના રહેશે.

૫ જુના ભાડુઆતો કે જે હાલ ભાડુઆત તરીકે ચાલુ હોય તેમના સબંધમાં પણ માહીતિ રાખવાની રહેશે. તે માહીતિ આપવાની જવાબદારી ભાડુઆતની રહેશે.

૬. આ સાથે જરૂરી સ્ટેમ્પ પેપર ઉપર ભાડાના એગ્રીમેન્ટની નોટરી કરેલ ઝેરોક્ષ કોપી સાથે આપવાની રહેશે.

૭. મિલ્કત ખાલી કરો ત્યારે લેખિતમાં જાણ કરવાની રહેશે.

૮. બને ત્યાં સુધી આપની મિલ્કત સાક્ષી/એજન્ટ/સબંધીઓને વચ્ચે રાખવી આપવી.

૯. મકાન માલિક અને ભાડુઆતના અંગુઠાનુ નિશાન અને સહિઓ જવાબદાર સાક્ષી ની રૂબરૂમાં કરવાની રહેશે. તેમજ ભાડે રાખનાર વ્યક્તિના આઇ.ડી.પ્રુફ લેવાના ફરજીયાત રહેશે.

૧૦. મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔદ્યોગિક એકમો જે વ્યક્તિને ભાડે આપેલ હોય તે જ વ્યક્તિ તેમાં ભાડે રહી શકશે.અન્ય કોઇ વ્યક્તિઓ રહી શકશે નહીં. તે અંગે માલીકે ખાતરી કરવાની રહેશે.

:: **અમલવારીનો સમય** ::

સુરત શહેર પોલીસ કમિશ્નર હેઠળના સમગ્ર વિસ્તારમાં **તા.૦૮/૦૮/૨૦૨૧ ના ક.૦૦-૦૦ થી તા.૦૬/૧૦/૨૦૨૧ ના ક.૨૪-૦૦** સુધી અમલમાં રહેશે. .

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસીસટ્ન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ ૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

:: **જાહેર વિજ્ઞપ્તિ** ::

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૦૫/૦૮/૨૦૨૧ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

(પોલીસ કમિશ્નર એસ.બી. સુરત શહેર — stamp)

(અજયકુમાર તોમર)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

પ્રતિ,
(૧) અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૧,૨ તથા ટ્રાફીક અને ક્રાઇમ સુરત શહેર.
(૨) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ સુરત શહેર.
(૩) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી તમામ સુરત શહેર.
(૪) તમામ પો.સ્ટે./શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૫) ) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર(તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી

<u>**સવિનય નકલ રવાના**</u> :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિર્દેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત ગ્રામ્ય
(૧૦) નિયામકશ્રી,માહિતી ખાતુ,ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગવર્નમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, (નાનપુરા બહુમાળી,સુરત)
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત, સેવાસદન-૨, અઠવાલાઇન્સ,
(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત.(સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)